# BUSINESS મિત્ર

ભારત-યુએસ વેપાર સોદાની આશાએ મિડ સેશનમાં વાતાવરણ બદલાઇ ગયું અને સેન્સેક્સ-નિફ્ટીમાં રીકવરી જોવા મળી

# શેરબજારમાં 'U-ટર્ન': નીચલા સ્તરેથી સેન્સેક્સમાં 900 પોઈન્ટનો ઉછાળો

**નિફ્ટી** ફરી 25800ની નજીક

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 12:** ભારતીય શેરબજારમાં આજે ભારે અફરાતફરી મચી હતી અને નીચલા સ્તરેથી વેલ્યુ બાઇંગ થવાથી સેન્સેક્સ અને નિફ્ટીમાં ઝડપી રીકવરી જોવા મળી હતી અને સેનેસેકસ નીચલા સ્તરેથી 900 પોઇન્ટ ઉછળ્યો હતો. જ્યારે નિફ્ટી 25500 પોઇન્ટની સપાટી તોડ્યા બાદ આજે ફરીથી 25800 નજીક સરકી હતી.

અમેરિકી રાજદૂત સર્ગીયો ગોરે જણાવ્યું હતું કે, બંને પક્ષો વેપાર પર સક્રિયપણે વાટાઘાટો કરવાનું ચાલુ રાખે છે અને આગામી મોટી બેઠક યોજાશે, જેનાથી રોકાણકારોમાં આશા જગાવી છે કે ભારત-અમેરિકા વેપાર સોદા પર ટુંકસમમાં એક સમાચાર આવી શકે છે, ત્યારબાદ ભારતીય શેરબજારમાં રીકવરી શરૂ થઇ હતી, તે પુર્વે શેરબજારમાં ભારે દબાણ રહ્યું હતું. આ સિવાય ગોરે એ પણ સંકેત આપ્યો હતો કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી એકથી બે વર્ષમાં ભારતની મુલાકાતે આવી શકે છે. જેનાથી બંને દેશો વચ્ચેના સંબંધો વિશે બજારની ભાવના વધુ મજબૂત થઇ છે.

બીજી તરફ, શેરબજારમાં નીચલા સ્તરેથી વેલ્યુ બાઇંગ જોવા મળી હતી. ગત સપ્તાહે શેરબજારમાં સતત પાંચ દિવસ ઘટાડો જોવાયો હતો. જેમાં વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણ, ભારતીય માલ સંભવિત યુએસ ટેરિફ અને વૈશ્વિક ભૌગોલિક રાજનીતિ સંબંધિત ચિંતાઓને કારણે રોકાણકારો સાવચેત રહ્યા હતા.

ભારત-યુએસ વેપાર સોદાઓ, ત્રીજા કવાર્ટરની કમાણી અને અન્ય ભૌગોલિક રાજકીય સમાચારો સંબંધિત વિકાસ પર નજર રાખવાનું ચાલુ રાખશે. સેકટર વાઇઝ જોઇએ તો પીએસયુ બેન્ક, મેટલ અને ઓઇલ એન્ડ ગેસ શેરોમાં સુધારો જોવાયો હતો. જ્યારે મીડિયા, રિયલ્ટી અને ફાર્મા શેરોમાં ઘટાડો જોવાયો હતો.

બીએસઇ સેન્સેક્સમાં ભારે અફરાતફરી રહી હતી અને છેલ્લે સેન્સેક્સ 301.93 પોઇન્ટ એટલે કે 0.36 ટકા વધીને 83878.17 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 83962 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 82861 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 106.95 પોઇન્ટ એટલે કે 0.42 ટકા વધીને 25790.25 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25500 પોઇન્ટની સપાટી તોડી હતી, જે છેલ્લે ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 25813 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25473 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 198.95 પોઇન્ટ એટલે કે 0.34 ટકા વધીને 59450.50 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે મેટ્રોપોલિસ હેલ્થકેર 36.96 ગણા, કેન ફિન હોમ્સ 17.64 ગણા, તેજસ નેટવર્ક 13.5 ગણા, લિન્ડે ઇન્ડિયા 8.85 ગણા, ચાલેટ હોટલ્સ 8.37 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે તેજસ નેટવર્ક 19.32 ગણા, આઇએફસીઆઇ લિ. 16.17 ગમા, લિન્ડે ઇન્ડિયા 15.68 ગણા, એબી રિયલ એસ્ટેટ 4.96 ગણા અને મહારાષ્ટ્ર સ્કુટર્સ 3.96 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નબળું પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.41 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.68 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રડેથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1569 શેરો વધ્યા હતા, જ્યારે 2721 શેરો ઘટ્યા હતા અને 200 શેરો યથાવત રહ્યા હતા.

મેટલ શેરોમાં સુધારો જોવાયો હતો. નિફ્ટી મેટલ ઇન્ડેક્સ 1.99 ટકા ઉછળ્યા હતા. જેમાં હિન્દુસ્તાન કોપર, હિન્દુસ્તાન ઝીંક, વેદાંતા, ટાટા સ્ટીલ, સેઇલ, હિન્ડાલ્કો ઇન્ડ., જેએસડબલ્યુ સ્ટીલ, એનએમડીસી, જિન્દાલ સ્ટીલ અને એપીએલ અપોલો ટ્યુબ્સ વધ્યા હતા. જ્યારે વેલસ્પન કોર્પ અને લોઇડ્સ મેટલ્સ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે મોટા ભાગના યુરોપિયન બજારોમાં ઘટાડો નોંધાયો હતો, કારણ કે રોકાણકારોએ ઇરાનમાં ભૌગોલિક રાજકીય વિકાસને ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. યુએસ જોબ્સ રિપોર્ટ દર્શાવે છે કે બેરોજગારી દર ઘટ્યો છે, જે ફેડરલ રિઝર્વ પર દબાણ લાવશે. જ્યારે એશિયન બજારોમાં સુધારો રહ્યો હતો. બીજી તરફ, રોકાણકારો ક્રુડ ઓઇલના ભાવો પર નજર રાખશે કારણ કે ઇરાન વિરોધ પ્રદર્શનના ત્રીજા સપ્તાહમાં પ્રવેશ કરી રહ્યો છે, જેમાં 500થી વધુ લોકો મા4યા ગયા છે. જેથી ક્રુડ ઓઇલના ભાવમાં વધઘટ જોવા મળી શકે છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ સપાટ, કેક 0.22 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.65 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 1.58 ટકા, સ્ટ્રેઇટસ 0.46 ટકા, હેંગસેંગ 1.34 ટકા, તાઇવાન 0.91 ટકા, કોસ્પી 0.83 ટકા અને શાંઘાઇ 1.08 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 0.59 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો સપાટ રહ્યો

અમદાવાદ, તા. 12: કરન્સી બજારમાં આજે બેઉતરફી વધઘટ સાથે સપાટ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો 90.16ના સ્તરે બંધ રહ્યા હતા. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.17નો રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 104.82, પાઉન્ડ 121.82, કેનેડિયન ડોલર 64.85, ઓસ્ટ્રલિયન ડોલર 60.40, જાપાનીઝ યેન 0.5710 અને સીંગાપોર ડોલર 69.88ના સ્તરે બંધ રહ્યા હતા.

### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 90.16 રૂ. |
| યુરો | 104.82 રૂ. |
| પાઉન્ડ | 121.82 રૂ. |
| યેન | 0.5710 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 301.93 | 83878.17 |
| નિફ્ટી | 106.95 | 25790.25 |
| બેન્ક નિફ્ટી | 198.95 | 59450.50 |

### નિફ્ટી

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 3.33 | 432.30 |
| ટાટા સ્ટીલ | 2.71 | 183.24 |
| એશિયન પેઇન્ટસ | 2.51 | 2896.40 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.06 | 1182.70 |
| ટ્રેન્ટ | 2.10 | 4056.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.13 | 1559.90 |
| ટીએમપીવી | 1.02 | 350.55 |
| આઇશર મોટર | 0.95 | 7436.00 |
| બજાજ ફાઇનાન્સ | 0.80 | 951.90 |
| બજાજ ઓટો | 0.75 | 9491.00 |

### સેન્સેક્સ

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 2.72 | 183.15 |
| એશિયન પેઇન્ટસ | 2.64 | 2899.00 |
| ટ્રેન્ટ | 1.92 | 4052.30 |
| એસબીઆઇ | 1.54 | 1015.35 |
| એચયુએલ | 1.32 | 2405.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 1.06 | 950.40 |
| ઇન્ફોસીસ | 0.99 | 1598.80 |
| બીઇએલ | 0.24 | 417.85 |
| લાર્સન-ટુબ્રો | 0.04 | 4025.00 |

# અમેરિકન ટેરિફ છતાં ભારતની સીફૂડની નિકાસ વધી

**ટેરિફમાં** વધારો છતાં 2024-25માં માછલીનું ઉત્પાદન વધીને 197.75 લાખ ટન થયું અને નિકાસ પણ વધી: સરકાર

નવી દિલ્હી, તા. 12: નાણાકીય વર્ષ 2024-25માં ભારતની સીફૂડની નિકાસ મૂલ્યની દ્રષ્ટિએ સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગઇ છે, એમ સરકારે જણાવ્યું હતું. આ સમયગાળા દરમિયાન નિકાસ વધીને રૂ. 62,408 કરોડ થઈ છે, જે 2023-24માં રૂ. 60,523.89 કરોડની સરખામણીમાં 3.11 ટકા વધી છે. સરકારના જણાવ્યા અનુસાર, યુએસ દ્વારા ભારે ડ્યુટી લાદવા છતાં ચાલુ નાણાકીય વર્ષ 2025-26માં નિકાસ હજી પણ વધી રહી છે.

માછલીનું ઉત્પાદન 2013-14માં 95.79 લાખ ટનથી વધીને 2024-25માં 197.75 લાખ ટન થયું છે, જે 106 ટકાનો મોટો વધારો દર્શાવે છે. એપ્રિલ 2025થી અમેરિકાએ ભારતીય સીફૂડ ઉત્પાદનો પરની ડ્યૂટીમાં ઘણો વધારો કર્યો છે. ખાસ કરીને ઝીંગા માછલીની નિકાસ પરની ડ્યૂટી તબક્કાવાર વધારીને કુલ 58.26 ટકા કરવામાં આવી છે. યુ.એસ.માં ભારતની સીફૂડની નિકાસમાં ઝીંગા લગભગ 90 ટકા હિસ્સો ધરાવે છે.

આટલા મોટા પડકાર છતાં પણ ભારતના સી ફૂડ સેક્ટરે તાકાત બતાવી છે, સમજણ બતાવી છે અને પરિસ્થિતિ અનુસાર પ્રદર્શન કર્યું છે. સત્તાવાર નિવેદન અનુસાર, એપ્રિલથી ઓક્ટોબર 2024 અને એપ્રિલથી ઓક્ટોબર 2025ની તુલના કરીને, તે સ્પષ્ટ છે કે નિકાસમાં વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, સીફૂડની નિકાસનું મૂલ્ય 21 ટકા વધીને રૂ. 35107.6 કરોડથી વધીને રૂ. 42322.3 કરોડ થયું છે. વોલ્યુમની દ્રષ્ટિએ, નિકાસ પણ 12 ટકા વધીને 9.62 લાખ ટનથી વધીને 10.73 લાખ ટન થઈ છે. ફ્રોઝન ઝીંગા માછલીની નિકાસમાં પણ મૂલ્યની દ્રષ્ટિએ 17 ટકા અને જથ્થાની દ્રષ્ટિએ 6 ટકાનો વધારો થયો છે.

# 15 જાન્યુઆરીએ શેરબજારમાં રજા

**એનએસઇ**-બીએસઇ સહિત કોમોડિટી ડેરિવેટિવ્ઝ પણ બંધ રહેશે

**BMC** સહિત 29 મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને પગલે નિર્ણય

મુંબઇ, તા. 12: શેરબજાર 15 જાન્યુઆરીએ બંધ થશે. એનએસઇ અને બીએસઇએ જાહેરાત કરી છે કે 15 જાન્યુઆરી, 2026 ના રોજ મહારાષ્ટ્રમાં યોજાનારી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓને કારણે કેપિટલ માર્કેટ સેગમેન્ટમાં ટ્રેડિંગ બંધ રહેશે.

મહારાષ્ટ્ર સરકારે જાહેર રજા જાહેર કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં 29 મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં મતદાન થઇ રહ્યું છે. જેમાં બીએમસી પણ સામેલ છે.

એનએસઇએ અગાઉ એક પરિપત્રમાં કહ્યું હતું કે બજારો ખુલ્લા રહેશે, પરંતુ ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટ થશે નહીં. પરંતુ બાદમાં આંશિક ફેરફાર સાથે એનએસઇએ કહ્યું હતું કે 15 જાન્યુઆરીએ કેપિટલ માર્કેટ સેગમેન્ટમાં ટ્રેડિંગ હોલિડે રહેશે.

આનો અર્થ એ છે કે ઇક્વિટી, ઇક્વિટી ડેરિવેટિવ્ઝ, સિક્યોરિટીઝ લેન્ડિંગ અને બોરોઇંગ (એસએલબી), કરન્સી ડેરિવેટિવ્ઝ અને ઇન્ટરેસ્ટ રેટ ડેરિવેટિવ્ઝમાં ટ્રેડિંગ શક્ય બનશે નહીં. સવારના સત્રમાં કોમોડિટી ડેરિવેટિવ્ઝ પણ બંધ રહેશે.

મહારાષ્ટ્ર સરકારે નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 1881ની કલમ 25 હેઠળ 15 જાન્યુઆરીને જાહેર રજા જાહેર કરી છે. મુંબઇ શહેર અને મુંબઇ ઉપનગર (બીએમસી) સહિત 29 મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ચૂંટણી સુચારૂ રીતે સંચાલિત કરવા માટે આ રજા છે. બીએમસીની અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે કે મુંબઇ શહેર અને પૂર્વ-પશ્ચિમ ઉપનગરોમાં સરકારી કચેરીઓ, જાહેર ક્ષેત્રના એકમો, બેંકો અને અન્ય સંસ્થાઓ બંધ રહેશે.

# TCSના નફામાં 13.9%નો ઘટાડો

**છતાં** રોકાણકારો માટે રૂ.57ના બમ્પર ડિવિડન્ડની જાહેરાત

મુંબઇ, તા. 12: ભારતની સૌથી મોટી આઇટી કંપની, ટીસીએસે તેના ત્રીજા કવાર્ટરના પરિણામો જાહેર કર્યા છે, જેમાં કંપનીએ ટેક્સ પછીના નફામાં ઘટાડો નોંધાવ્યો હતો, જ્યારે આવકમાં એક આંકડામાં વધારો જોવા મળ્યો હતો.

આ સાથે, ટીસીએસે ડિવિડન્ડની જાહેરાત કરી છે. ટીસીએસનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ પાછલા વર્ષની તુલનામાં 13.9 ટકાનો ઘટાડો થયો છે, જે 10,657 કરોડ રૂપિયા છે.

આજરોજ એક્સચેન્જ ફાઇલિંગ અનુસાર, ટાટા ગ્રુપની માલિકીની ભારતની સૌથી મોટી આઇટી સર્વિસ કંપની ટીસીએસના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે શેરબજારના રોકાણકારો માટે શેર દીઠ કુલ રૂપિયા 57નું ડિવિડન્ડ જાહેર કર્યું હતું.

ટીસીએસે જાહેરાત કરી છે કે કંપની શેર દીઠ રૂપિયા 11નું ત્રીજું વચગાળાનું ડિવિડન્ડ અને શેર દીઠ રૂપિયા 46નું વિશેષ ડિવિડન્ડ જારી કરશે, જેમાંથી દરેકની ફેસ વેલ્યુ રૂપિયા એક હશે.

આનો અર્થ એ છે કે આઇટી જાયન્ટમાં શેર ધરાવતા દરેક શેરહોલ્ડરને કંપનીમાં તેમની માલિકીના દરેક શેર માટે શેર દીઠ કુલ રૂપિયા 57 ડિવિડન્ડ ચુકવણી મળશે.

ટીસીએસના શેરની કિંમત આજે બીએસઇની વેબસાઇટના આંકડા મુજબ સોમવારના ટ્રેડિંગ સત્ર બાદ ટીસીએસનો શેર 0.86 ટકા વધીને 3235.70 રૂપિયા પર બંધ રહ્યો હતો, જે અગાઉના દિવસના બંધ ભાવ 3208 રૂપિયા હતો.

ટીસીએસ ડિવિડન્ડ રેકોર્ડ તારીખ 17 જાન્યુઆરી નક્કી કરવામાં આવી છે. કંપનીના શેરમાં રોકાણ કરવામાં રસ ધરાવતા રોકાણકારો આઇટી સેક્ટર દ્વારા નિર્ધારિત રેકોર્ડ તારીખના એક દિવસ પહેલા ડિવિડન્ડ મેળવવા માટે પાત્ર હશે. સત્તાવાર જાહેરાત મુજબ, ટીસીએસ મંગળવાર, 3ફે બ્રુઆરી, 2026ના રોજ ડિવિડન્ડ ચૂકવશે.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૫૦૯૦ |
| તેજાબી સોનું | ૧૪૫૦૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૭૮૩૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૨૧૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૫૦૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૬૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૭૮૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ.** | | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# અમેરિકા અને ક્યુબા વચ્ચેના ઠંડા સંઘર્ષનો સિલસિલો વર્ષ ૧૯૫૯ માં શરૂ થયો હતો




**યુદ્ધ પોઈન્ટ**
**સમકિત શાહ**

વેનેઝુએલા પર ગેરકાયદે કબજો જમાવ્યા પછી અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નજર હવે ગ્રીનલેન્ડ તેમ જ ક્યુબા પર છે. તેમણે ક્યુબાને વેપાર સોદો કરવા અથવા પરિણામોનો સામનો કરવાની ચેતવણી આપી છે અને ગ્રીનલેન્ડ ઉપર તો હુમલો કરવાની તૈયારી કરી લીધી છે. ડોનાલ્ડ ટ્રમ્પ એક માત્ર એવા અમેરિકન રાષ્ટ્રપતિ નથી કે જેમણે ક્યુબા પર કડક વલણ અપનાવ્યું છે. ક્યુબા અને અમેરિકા વચ્ચેની દુશ્મનાવટ દાયકાઓ જૂની છે. ૧૮૯૮માં અમેરિકાએ સ્પેનને હરાવ્યું, ત્યાર બાદ સ્પેને ક્યુબા પરના તમામ દાવાઓ છોડી દીધા અને તેને અમેરિકાને સોંપી દીધું હતું.

૧૯૦૨ માં ક્યુબાને સ્વતંત્રતા મળી હતી અને ટોમસ એસ્ટ્રાડા પાલ્મા તેના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા હતા. જો કે, પ્લેટ સુધારાને કારણે આ ટાપુ અમેરિકાના રક્ષણ હેઠળ રહ્યો હતો, જેના કારણે અમેરિકાને ક્યુબાના મામલામાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર મળ્યો હતો. થોડાં વર્ષો પછી એસ્ટ્રાડાએ રાજીનામું આપ્યું અને જોસ મિગુએલ ગોમેઝના નેતૃત્વમાં બળવાને પગલે અમેરિકાએ ક્યુબા પર કબજો કર્યો હતો. ૧૯૦૯માં અમેરિકાની દેખરેખ હેઠળ ચૂંટણીઓ યોજાઈ હતી અને જોસ મિગુએલ ગોમેઝ રાષ્ટ્રપતિ બન્યા હતા, પરંતુ ટૂંક સમયમાં જ તેઓ ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાઈ ગયા હતા. ૧૯૧૨માં અમેરિકન સૈનિકો વંશીય ભેદભાવ સામે કાળા લોકોના વિરોધને દબાવવામાં મદદ કરવા માટે ક્યુબા પાછા ફર્યા હતા. ૧૯૩૩માં ક્યુબાના લશ્કરી અધિકારી ફુલજેન્સિયો બાતિસ્તાએ બળવાનું નેતૃત્વ કર્યું અને ગેરાર્ડો માચાડોને સત્તા પરથી દૂર કર્યા હતા.

૧૯૫૩માં ફિડેલ કાસ્ટ્રોએ બાતિસ્તા શાસન સામે નિષ્ફળ બળવાનું નેતૃત્વ કર્યું હતું. અમેરિકા અને ક્યુબા વચ્ચેની દુશ્મનાવટનો ઊંડો પાયો ૧૯૫૯ માં નંખાયો હતો, જ્યારે ફિડેલ કાસ્ટ્રોએ ક્યુબામાં અમેરિકા સમર્થિત સરકારને ઉથલાવી દીધી હતી. શરૂઆતમાં અમેરિકાએ નવી સરકારનો સ્વીકાર કર્યો, પરંતુ જ્યારે ક્યુબાએ તેના કટ્ટર હરીફ સોવિયેત યુનિયન સાથે ગાઢ સંબંધો વિકસાવવાનું શરૂ કર્યું અને વેપાર શરૂ કર્યો ત્યારે અમેરિકા ગુસ્સે થયું હતું. ક્યુબાએ અમેરિકન કંપનીઓની સંપત્તિ જપ્ત કરી હતી અને અમેરિકન માલ પર વધુ કર લાદ્યો હતો.

ફિડલ કાસ્ટ્રોના આગમન પછી ક્યુબામાં સમાજવાદની લહેર ફેલાઈ ગઈ હતી, જ્યારે અમેરિકા મૂડીવાદની નીતિને અનુસરી રહ્યું હતું. ઉપરાંત, એવી શક્યતા હતી કે ક્યુબા ચીન સાથે સારા સંબંધો વિકસાવી શકે છે. તેથી, અમેરિકાએ ક્યુબા સામે કડક વલણ અપનાવ્યું. અમેરિકાએ ક્યુબાને આર્થિક રીતે સજા કરવાનું શરૂ કર્યું.

ક્યુબા પાસેથી ખાંડની ખરીદી ઘટાડ્યા પછી અમેરિકાએ લગભગ તમામ માલ ક્યુબા મોકલવાનું બંધ કરી દીધું. રાષ્ટ્રપતિ જોન એફ. કેનેડીએ આને સંપૂર્ણ આર્થિક પ્રતિબંધ સુધી વધારી દીધો અને કડક મુસાફરી પ્રતિબંધો લાદ્યા હતા.

૧૯૬૧ માં અમેરિકાએ ક્યુબામાં ફિડેલ કાસ્ટ્રોની સરકારને ઉથલાવી પાડવા માટે લશ્કરી કાર્યવાહી શરૂ કરી હતી. જો કે, આ કાર્યવાહી નિષ્ફળ ગઈ હતી. બે ઓફ પિગ્સ આક્રમણ તરીકે ઓળખાતી આ ઘટનામાં અમેરિકાએ ક્યુબન બળવાખોરો અને નિર્વાસિતોને લશ્કરી તાલીમ અને ભંડોળ પૂરું પાડ્યું હતું. ક્યુબાની સરકારને ઉથલાવી પાડવા માટે હુમલો કરવામાં આવ્યો હતો, પરંતુ સ્થાનિક વસ્તીના સમર્થનના અભાવે અમેરિકાના અને ક્યુબાના બળવાખોરો નિષ્ફળ ગયા હતા. ક્યુબાએ માત્ર ત્રણ દિવસમાં બળવાને કચડી નાખ્યો, કારણ કે અમેરિકાની હવાઈ સહાય તેના સુધી પહોંચી શકી ન હતી. તે સમયે રાષ્ટ્રપતિ જોન એફ. કેનેડીના નેતૃત્વમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકાની છબીને નુકસાન થયું હતું. ત્યાર બાદ ક્યુબાએ સોવિયેત યુનિયનને ગુપ્ત રીતે ક્યુબા પર પરમાણુ મિસાઇલો સ્થાપિત કરવાની મંજૂરી આપી. ઓક્ટોબર ૧૯૬૨ માં અમેરિકન વિમાન દ્વારા આ મિસાઇલો જોવા મળી હતી. આના કારણે અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચે ૧૩ દિવસનો તીવ્ર તણાવ રહ્યો હતો. પરિસ્થિતિ પરમાણુ યુદ્ધના આરે પહોંચી ગઈ હતી. આખરે સોવિયેત નેતા નિકિતા ખ્રુશ્ચેવ મિસાઇલો દૂર કરવા સંમત થયાં હતાં. બદલામાં, કેનેડીએ ક્યુબા પર હુમલો ન કરવાનું અને તુર્કીમાંથી અમેરિકન મિસાઇલો દૂર કરવાનું વચન આપ્યું હતું.

જો કે, બંને દેશો વચ્ચેનો તણાવ ઓછો થયો નહીં. આગામી કેટલાક દાયકાઓ સુધી અમેરિકાએ ક્યુબાને આર્થિક અને રાજદ્વારી રીતે અલગ પાડ્યું હતું. ૧૯૮૨ માં તત્કાલીન અમેરિકન રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગને ક્યુબાને આતંકવાદીઓને ટેકો આપતો દેશ જાહેર કર્યો હતો. બાદમાં, જ્યોર્જ બુશ અને બિલ ક્લિન્ટને હેલ્મ્સ-બર્ટન એક્ટ લાગુ કર્યો હતો. આ કાયદા મુજબ જ્યાં સુધી ક્યુબામાં લોકશાહી સ્થાપિત ન થાય અને કાસ્ટ્રો પરિવાર સત્તામાંથી બહાર ન થાય ત્યાં સુધી પ્રતિબંધો હટાવવામાં આવશે નહીં. ઓબામા રાષ્ટ્રપતિ બન્યા પછી અમેરિકાએ ક્યુબા પ્રત્યે થોડી હળવાશ દાખવી હતી. ઓબામાએ કહ્યું હતું કે ક્યુબાને અલગ પાડવાથી કોઈ ફાયદો થશે નહીં. ક્યુબાની મુસાફરી અને ત્યાં પૈસા મોકલવાના નિયમો હળવા કરવામાં આવ્યા હતા.

૨૦૧૪ માં બનેલી એક ઘટનાએ આખી દુનિયાને આંચકો આપ્યો, જ્યારે અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને ક્યુબાના નેતા રાઉલ કાસ્ટ્રોએ અચાનક જાહેરાત કરી કે બંને દેશો રાજદ્વારી સંબંધો ફરીથી સ્થાપિત કરશે. આ પોપ ફ્રાન્સિસ દ્વારા સહાયિત ૧૮ મહિનાની ગુપ્ત વાટાઘાટોનું પરિણામ હતું. ત્યાર બાદ દૂતાવાસો ફરીથી ખોલવામાં આવ્યા હતા અને ક્યુબાને આતંકવાદને ટેકો આપનારા દેશોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યું. ઓબામાએ પોતે ૨૦૧૬ માં ક્યુબાની મુલાકાત લીધી હતી, જે ૧૯૨૮ પછી કોઈ અમેરિકન રાષ્ટ્રપતિની ક્યુબાની પહેલી મુલાકાત હતી. ત્યાર બાદ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના પહેલા કાર્યકાળમાં સત્તા પર આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન તેમણે ઓબામા વહીવટીતંત્રના મોટા ભાગના નિર્ણયો ઉલટાવી દીધા હતા. તેમણે ક્યુબાની લશ્કરી કંપનીઓના વ્યવસાયો પર પ્રતિબંધ મૂક્યો, એકલા મુસાફરી પર પ્રતિબંધ મૂક્યો અને ક્રુઝ જહાજો અને મોટા ભાગની ફ્લાઇટો અટકાવી દીધી હતી.

૨૦૧૯ માં તેમણે ફરીથી ક્યુબાને આતંકવાદીઓને ટેકો આપતો દેશ જાહેર કર્યો. આ દરમિયાન, ક્યુબામાં અમેરિકન અને કેનેડિયન દૂતાવાસના કર્મચારીઓમાં અસામાન્ય લક્ષણો જોવા મળ્યાં હતાં, જેમાં સાંભળવાની ખોડ અને માનસિક સમસ્યાઓનો સમાવેશ થાય છે. આને પાછળથી હવાના સિન્ડ્રોમ નામ આપવામાં આવ્યું હતું. આ ઘટના પછી અમેરિકાએ ક્યુબાની રાજધાની હવાનામાંથી તેના મોટા ભાગના દૂતાવાસનાં કર્મચારીઓને પાછાં બોલાવી લીધાં હતાં. જો બિડેન સત્તા પર આવ્યા અને કેટલાક નિયમો હળવા કર્યા હતા. ત્યાર બાદ, ૨૦૨૧ માં ખોરાક, દવા અને વીજળીની અછતથી ત્રસ્ત ક્યુબનોએ સરકારનો વિરોધ શરૂ કર્યો હતો. સરકારે વિરોધીઓની ધરપકડ કરી અને ઇન્ટરનેટ બંધ કરી દીધું હતું. જો બિડેન વહીવટીતંત્રે ક્યુબા પર પ્રતિબંધો લાદ્યા હતા. આશરે પાંચ લાખ ક્યુબન લોકો અમેરિકન સરહદ પર પહોંચ્યા હતા. જો બિડેન વહીવટીતંત્રે માનવતાવાદી ધોરણે કેટલાકને પ્રવેશવાની મંજૂરી પણ આપી હતી.

૨૦૧૮ માં ડોનાલ્ડ ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોન બોલ્ટને ક્યુબા, નિકારાગુઆ અને વેનેઝુએલાને સરમુખત્યારશાહીની ત્રિપુટી ગણાવી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રે વેનેઝુએલાના તેલને ક્યુબામાં વહેતું અટકાવવા માટે શિપિંગ કંપનીઓ અને ક્યુબાની સરકારી તેલ કંપની પર પ્રતિબંધો લાદ્યા હતા. વેનેઝુએલામાં માનવાધિકાર ઉલ્લંઘનમાં સંડોવણીના આરોપ હેઠળ ક્યુબાના અધિકારીઓને અમેરિકાની મુલાકાત લેવાથી અટકાવવામાં આવ્યા હતા. હવે, ટ્રમ્પના ઇશારે વેનેઝુએલામાં કાર્યવાહી કરવામાં આવી છે અને ક્યુબા પણ જોખમમાં છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે શું તેઓ ક્યુબા સામે પણ આવી જ કાર્યવાહી કરશે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**૧૯૬૧ માં અમેરિકાએ ક્યુબામાં ફિડેલ કાસ્ટ્રોની સરકારને ઉથલાવી પાડવા માટે લશ્કરી કાર્યવાહી શરૂ કરી હતી. જો કે, આ કાર્યવાહી નિષ્ફળ ગઈ હતી**

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**પાપડ અચાર**
સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે Free Home dilevery Mo. 9099645605 Surat. Ranitalaw (748)

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**મિલ્કત જોઈએ છે**

**મકાન લેવું છે**
લાલદરવાજા/ મહિધરપુરા આજુ બાજુમાં 38 થી 40 મા મો. 8488968543

**''રામજી ફાર્મ & બેન્કવેટ હોલ''**
મેરેજ, બર્થડે પાર્ટી, રિસેપ્શન, ડીજે, માટે સંપર્ક કરો. ઉગત કેનાલ રોડ, જહાંગીરાબાદ, રાંદેર રોડ, સુરત. વધુ જાણકારી માટે ડાયરેક્ટ ફોન કરો.
9913448822

**નોકરી વિષયક**

**પટાવાળા જોઈએ છે**
આી.એ. ઓફિસ માટે એસ એસ સી પાસ- નાપાસ પટાવાળા મળો. જશવંત પી. પટેલ એલ- ૧૦, બેઝમેન્ટ જલદર્શન ટાવર, બહુમાળીની બાજુમાં નાનપુરા- સુરત (745)

**નોકરી**
મેળવવાની અમૂલ્ય તક 18 થી 35 વર્ષના ધો. 10 કે તેથી વધુ ભણેલા ભાઈઓ- બહેનોને ફ્રીમાં જનરલ ડ્યુટી આસીસ્ટન્ટ (નર્સિંગ) ની તાલીમ લઈને હોસ્પિટલમાં જોબ મેળવવાની તક. તાલિમમાં જોડવા આજે જ સંપર્ક કરો: 9154169185, 9313296201

**જોઈએ છે**
કોમ્પ્યુટર ટીચર ટેલી શીખવી શકે તેવા અનુભવી જાણકાર બેલ્જિયમ સ્કવેર દિલ્હીગેટ કોન્ટેક્ટ:- 9825142807 (749)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**(સાગર- 9427113317)**
દ્વારકા, સોમનાથ, સારંગપુર, 24- જાન્યુઆરી, ઉજ્જૈન ઓમકારેશ્વર, મંમલેશ્વર

**અયોધ્યા/ વારાણસી**
પ્રયાગરાજ. ટ્રેન/ એસી ટેમ્પો ટ્રાવેલ સાથે. સુપર ડિલક્ષ હોટલ/ બ્રેકફાસ્ટ/ ડીનરનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉપડવા તારીખ 5 એપ્રિલ, દિવસ- 9. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. (9429507723) જોય એન જોય ટ્રાવેલ્સ. સુરત

**મિલ્કત વેચવાની છે**

**ભટાર રોડ ઓફિસ**
વેચવાની છે. વકીલ, C.A. લાયક 9104614923 (750)

**વેસુ, યુનિવર્સીટી**
નજીક મોકાની દુકાન વેચવાની છે આગમ એમ્પોરીયો 9104614923 (751)

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**લગ્ન વિષયક**

**નવસારી રહેતી**
29 વર્ષની Educated ભાવસાર યુવતી માટે વેલ સેટલ્ડ યુવક આવકાર્ય 9512318416

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.